# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૬/ક્વા-૨/૧૯-૨૦/૭૧૧૪** **તા.૨૩–૧૦–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૭૬/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **રાણા કાના મોરી ગામ: પોરબંદર**
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે દિપક કાના મોરી હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **પોરબંદર શહેર**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી ડી.વિ.લખાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી – **પોરબંદર શહેર**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ પ.ગુ.વી.કં.લી. પોરબંદર વર્તુળ કચેરી, પોરબંદર
તારીખ: ૧૫-૧૦-૨૦૧૯( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૫-૧૦-૨૦૧૯( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં બંને પક્ષકારો ઉપર મુજબ હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર રાણા કાના મોરી ગામ -પોરબંદર, તેઓની અરજીના નોંધણી નં: ૭૬/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં ૮૫૯૦૪/૦૩૦૫૧/૭ થી ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરી હેઠળ વિજ જોડાણ ધરાવે છે. સદર વિ જોડાણના બીલમાં મીટર રીડર ની ભૂલને કારણે ૪૫૧૯ યુનીટનું બીલ આપેલ છે જે વપરાશ કરતા વધારે હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 As per representation of applicant PGVCL has informed vide letter Dated 14-10-19 is as under.

- Applicant having connection in the name of Rana kana Mori having connection no 85904/03051/7 (RGPU ) 0.5 kw –at Narsang tekri, Porbandar, which – was released on Dtd: 01.10.2003.

- During the course of regular meter reading dated 29.07. 2019, pending reading was found, therefore, pending units i.e. 4519 units bill issued to the consumer.
- Said meter wrapped on 09.08.2019, and the meter checked on 09.08.2019 in the laboratory in the presence of consumer representative.
- As per lab report accuracy test is found within the permissible limits. MRI data also downloaded on that day. As per the main energy details, meter was recording correctly but meter reader has not issued the bill as the reading actually recorded in the meter i.e. incorrect meter reading by the meter reader.
- There were 4519 pending units compared to last month's bill which was issued on 29.07.2019. It is found that connected load of 1.170 KW at the time of meter replacement, consumers contracted load of 0.50 KW residential load. Accordingly Sp. Bill of Rs. 36146.35 ps issued on 29.07.2019 to the consumer. Meter under question was installed on 25.08.2011. Explanation of billing agency asked In the said matter, agency stated that they will care in future time.

It is true that a reading was accumulated and bill was served for those readings. As per past judgment for a similar matter, reading was bifurcated equally from date of meter installed i.e. 25.08.2011. According, Rs. 9317=64 to be credited to the consumer.

૩.૧ After replacement of the meter, Energy Bill is issued on 30.09.2019 of 438 units. New meter was install on 09.08.2019, so per day consumption =438/53= 8.26 units. Therefore, it can be conclude that in past bills not issued as per the actual consumption.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ઘરવપરાશ હેતુ માટે નુ આરજીપીયુ કેટેગરી હેઠળ નુ **ગ્રાહક નં ૮૫૯૦૪/૦૩૦૫૧/૭ થી ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરી હેઠળ વિજ જોડાણ ધરાવે છે.** સદર વીજજોડાણ તા.૦૧–૧૦–૨૦૦૩ ના રોજ રીલીઝ કરાયેલ છે.

૪.૨ અરજદાર ની ફરીયાદ અન્વયે – વીજબીલ માહે જુન–જુલાઈ– ૧૯માં હાલ ના રીડીંગ ૧૯૮૬૫ અને પાછલા રીડીંગ ૧૫૩૪૬ અને તફાવત મુજબ ૪૫૧૯ નુ વીજબીલ રકમ રૂ.૩૬,૫૬૧/૫૬ નુ આપતા – અરજદાર ને વધુ વીજવપરાશ નુ બીલ આવેલ હોય – અરજદારે ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૩ અરજદાર ની ફાસ્ટ મીટર ની અરજી તા.૦૧–૦૮–૧૯ અન્વયે – મીટર રીપ્લેશમેન્ટ સીટ નં.– પીસીડી / ૧૯ / ૨૬૭૧ તા.૦૯–૦૮–૧૯ થી મીટર અરજદારના પ્રતિનીધી ની હાજરીમાં બદલાવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter Dt.09.08.19 | New Meter Dt. 09.08.19 | Old Meter-As per MTLab Dt. 09.08.19 |
|---|---|---|---|
| Make | L & G | Link Well | L & G |
| Meter No | PGST 00770703 | PGST 04395907 | PGST 00770703 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | 19959 | 0 | 19959 |

ઉપરોક્ત સદર મીટર અરજદાર ના પ્રતિનીધી ની હાજરીમાં – તા.૦૯–૦૮–૧૯ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમા ચકાસણી કરવામા આવતા – સદર મીટરની એકયુરેસી ટેસ્ટ બરાબર છે. તેમજ મીટર નો એમ.આર.આઈ. અહેવાલ ડાઉનલોડ કરેલ છે, અને મીટર ના રીડીંગ ૧૯૯૫૯ KWH જણાયેલ છે.

૪.૪ સદર કેઈસ મા, અરજદારના પી.આર.ટી.–૧૪૫ અને સદર મીટર સીરીયલ નં.– PGST 00770703 ના ડાઉનલોડ કરાયેલ પેરામીટર મુજબ – વીજવપરાશ ના યુનીટની નોંધણી નીચે મુજબ થયેલ છે.

| As per 145 PRT | | | | As per MRI | |
|---|---|---|---|---|---|
| BILL-DATE | BILIN PERIOD | CURR-RDG | CONSMPTION | MRI DT | Cumm KWH |
| 25-07-18 | JUN,JUL,18 BIL AUG,18 | 13482 | 435 | 31-08-18 | 16888.2 |
| 21-09-18 | AUG,SEP,18 BIL OCT,18 | 13867 | 385 | 30-09-18 | 17193.2 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 19-11-18 | OCT,NOV,18 BIL DEC,18 | 14262 | 395 | 31-10-18 | 17538.2 |
| 21-01-19 | DEC,JAN,19 BIL FEB,19 | 14568 | 306 | 31-01-19 | 18300.5 |
| 27-03-19 | FEB,MAR,19 BIL APR,19 | 14898 | 330 | 31-03-19 | 18785.5 |
| 24-05-19 | APR,MAY,19 BIL JUN,19 | 15346 | 448 | 31-05-19 | 19312.6 |
| 29-07-19 | JUN,JUL,19 BIL AUG,19 | 19865 | 4519 | 31-07-19 | 19884.5 |

ઉપરોકત મીટર માં નોંધાયેલ યુનીટ અને મીટર રીડર દ્વારા નોંધાયેલ મીટર રીડીંગ માં ખૂબજ મોટો તફાવત જણાય છે. તેમજ, ઉપરોકત પેરા નં.– ૪.૩ મુજબ – સવાલવાળા મીટરમાં લેબોરેટરી રીપોર્ટ મુજબ – મીટરની એકયુરેસી યોગ્ય જણાયેલ છે, તેમજ મીટરમાં કોઈ ક્ષતિ જણાયેલ નથી. સદર સંજોગોમાં સ્પષ્ટ થાય છે કે – માહે જુન–જુલાઈ– ૧૯ અપાયેલ – વીજબીલમાં નોંધાયેલ રીડીંગ ૧૯૮૬૫ અને લેબ રીપોર્ટ મુજબ – ૧૯૯૫૯ પ્રમાણે અરજદાર દ્વારા વીજવપરાશ કરાયેલ છે. સદર સંજોગોમાં મીટર રીડર દ્વારા – મીટર ના યુનીટ ની નોંધણીમાં કયારથી ભુલ થયેલ છે, તે સ્પષ્ટ થતુ ન હોવાથી – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સવાલવાળુ મીટર ઈસ્ટોલ કરેલ છે, તે તારીખ – ૨૫–૦૮–૧૧ થી મીટર બદલ્યા તારીખ સુધીમાં આપવામા આવેલ વીજબીલમાં જણાયેલ – ઉપરોકત પડતર યુનીટ ને – વિભાજીત કરી રજુ કરી આપેલ છે, જે ફોરમ કમિટી ને યોગ્ય જણાયેલ છે.

૪.૫ સદર કેઈસ મા, અરજદાર ને અપાયેલ વીજબીલ માહે જુન–જુલાઈ– ૧૯માં ૪૫૧૯ યુનીટ નુ વીજબીલ રકમ રૂ.૩૬,૫૬૧/૫૬ અપાયેલ છે, તેનેઉપરોકત પેરા નં.–૪.૪ મુજબ –રીવાઇઝ વિગતવાર સુવ્યવસ્થિત ગણતરીપત્રક દિવસ–૦૭ મા અરજદાર ને અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પાઠવવા માટે – પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે. સદર કિસ્સામાં રીવાઇઝ બીલ ની રકમ ને – પીજીવીસીએલ દ્વારા અરજદારને ૦૨ (બે) સરખા વ્યાજ વગરના માસિક હપ્તા સદર ઓર્ડરની તારીખથી કરી આપવા- જે અરજદારે નીયમાધીન ભરપાઈ કરવાના રહેશે તેમજ સદર વિવાદિત બીલની રકમમાં ઉક્ત સમયમર્યાદા સુધી વિલંબિત ચાર્જ લાગુ પડશે નહિ. અન્યથા નિયમ મુજબ વિલંબીત ચાર્જ લાગુ પડશે. વધુમાં સદર કેઈસ મા, મીટર રીડર દ્વારા – સવાલવાળા મીટરમાં મીટર રીડર દ્વારા – રીડીગ લેવામાં બેદરકારી દાખવેલ છે, તે બદલ જે તે સમય ના મીટર રીડર / એજન્સી સામે નિયમાઘીન શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સુચના આપવામા આવે છે.

૪.૬ ઉપરોકત મુદદા નં. ૪.૫ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(શ્રી જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો’ ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯